❖ પ્રસ્તાવના :

ઇતિહાસનો મુખ્ય આશય દૃષ્ટાંતો સાથે ઇતિહાસનો શિક્ષણ આપવાનો હોય છે માટે કેટલાક ઇતિહાસકારો આ પ્રકારને સદૃષ્ટાંત તત્ત્વજ્ઞાન પણ કહે છે. ઇતિહાસનો પ્રધાન હેતુ ભાવિ પેઢીએ શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ તે દર્શાવવાનો છે અને ઉદાહરણ સહિત દર્શાવાય તો જ અસરકારક નીવડે એ કારણે ઇતિહાસનો મુખ્ય હેતુ શિક્ષણાત્મક છે. ભૂતકાળનો ઇતિહાસ તપાસી વર્તમાન સુધારી ભવિષ્યની પ્રગતિ માટે જે પગલાં લેવાં જોઈએ તે ઇતિહાસ અગમચેતી આપે છે અને ભવિષ્યની સફળતા ત્યારે જ મળે જયારે તેણે ભૂતકાળમાંથી ભાથુ મેળવી વર્તમાનમાં અભ્યાસ કરી ભવિષ્યમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે.

કૉલેજના દિવસોમાં એમ. એ. ઇતિહાસ પાર્ટ–૨માં અભ્યાસ કરતો હતો ત્યારથી મનોમન નક્કી કરેલા ધ્યેયોમાં કૉલેજમાં લેકચરર બનવું અને પીએચ. ડી. કરવું, એ એક લક્ષ્ય હતું. કદાચ આ કાર્ય વહેલું શરૂ કરાયું હોત પણ છેલ્લા સાત–આઠ વર્ષથી દક્ષિણ ગુજરાતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કે એની સંલગ્ન કૉલેજોમાં ઇતિહાસ વિષયમાં એક પણ પીએચ. ડી.ના માર્ગદર્શક ઉપલબ્ધ ન હોવાને કારણે આ સંશોધનથી વંચિત રહી ગયો હતો. પરંતુ મનમાં નક્કી કર્યું હતું કે ગમે તે યુનિવર્સિટીના માર્ગદર્શક શોધી આ શોધાભ્યાસનું ધ્યેય પૂરું કરવું. એવામાં ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનના રીડર ડૉ. અરુણભાઈ વાઘેલા સાથે સંપર્ક થયો અને વાત કરી વિષયોની ચર્ચા કરી અંતે માર્ગદર્શક તરીકે એમણે અનુમતિ દર્શાવી મને સહર્ષ આવકાર્યો અને સ્વીકાર્યો પણ ખરો.

સંશોધનના કાર્યમાં દક્ષિણ ગુજરાતમાં આદિવાસી ચળવળો અંગે એ વિસ્તારમાં જન્મ્યો હોઈ અભ્યાસ કર્યો અને કર્મભૂમિ બનાવી. આ વિસ્તાર તેમજ આદિવાસીઓ

તેમનું જીવન તથા આદિવાસી સંસ્કૃતિ ચળવળો વિશે સંશોધન કરી ઋણ અદા કરવા મારા અંતર આત્માના અવાજને ધ્યાનમાં રાખી આ વિસ્તારનો હજુ વણ ખેડાયેલા ઇતિહાસની શોધ કરી લોકો સુધી પહોંચાડવાનું ધ્યેય નક્કી કર્યું અને એના માટે લાયબ્રેરીઓ, પુસ્તકો, મહાનુભાવો, વિદ્વાનોનો, કાર્યક્ષેત્રની રૂબરૂ મુલાકાતો શરૂ કરી સંશોધન આગળ વધાર્યું.

ઇતિહાસમાં અત્યાર સુધી જે સંશોધનો થયાં એમાં રાજા મહારાજાઓ, યુદ્ધો વિશે, રાજકુમારો વિશે, રાણીઓ વિશે, દેશ–રાજયો વિશે સંશોધનો થયાં. પરંતુ આધુનિક ઇતિહાસકારોના મતે એ સંશોધન અધુરું છે. રાજયોનો સાચો વિકાસ પ્રજાની સુખાકારી અને ઇતિહાસ જાણવો હોય તો રાજયમાં રહેતા દરેક વ્યક્તિ, જ્ઞાતિના લોકો તેમજ તેમની સંસ્કૃતિ તેમજ સભ્યતા, આર્થિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, રાજકીય તેમજ રીતરિવાજો, રહેણીકરણી, પોશાક, આવાસ, રોજ–રોટી, સુખ–સમૃદ્ધિ તેમજ તેમના પ્રશ્નો ઉંડાણપૂર્વક રાજયના તમામ વિસ્તારના છેવાડાના માનવીની સ્થિતિનો અભ્યાસ કરી ભવિષ્યમાં રાજયના વિકાસ માટે શું કરવું. આ હેતુથી દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારો, ત્યાંના લોકો, રીત–રિવાજ, ધાર્મિક સ્થિતિ, આર્થિક સ્થિતિ, આઝાદીની ચળવળમાં તેમનું યોગદાન વગેરે હજુ વણ ખેડાયેલો ઇતિહાસ લોકો સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ છે.

❖ સંશોધનના હેતુઓ :

(૧) દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનો સાંસ્કૃતિક પરિચય મેળવવો.

(૨) દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની આઝાદીની ચળવળમાં તેમનું યોગદાન, ઘટનાક્રમો તેમજ તેની અસરો જાણવી.

(૩) દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓ દ્વારા સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, રાજકીય ચળવળો સાથે આ પ્રજાએ અનેક સુધારાઓ કર્યા છે તે તપાસવા.

(૪) દક્ષિણ ગુજરાતના આદિવાસી નેતાઓ, તેમની પ્રવૃત્તિઓ વગેરેની વિસ્તૃત માહિતી ભેગી કરી લોકો સુધી પહોંચાડવી.

(૫) સાંપ્રત આદિવાસી કર્મશિલોને આદિવાસીઓને ભૂતકાળના લેખન દ્વારા માર્ગદર્શન મળે તે રીતે શોધનિબંધનું આલેખન કરવું.

મેં મારા આ શોધનિબંધને નીચે મુજબના આઠ પ્રકરણોમાં વિભાજિત કરી પ્રસ્તુત કરવાનો આશય રાખ્યો છે.

પ્રકરણ–૧ : દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનો પરિચય

પ્રકરણ–૨ : ૧૯મા અને ૨૦મા સૈકામાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની ભૌગોલિક, આર્થિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થિતિ

પ્રકરણ–૩ : આદિવાસીઓના ઉદ્ધાર માટે સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનું પ્રદાન

પ્રકરણ–૪ : ગાંધીયુગ પૂર્વેના દક્ષિણ ગુજરાતના આદિવાસી આંદોલનો

૪.૧ ૧૮૮૫નો ભરૂચનો તલાવિયા આંદોલન

૪.૨ ડાંગના આદિવાસી રાજાઓના બળવાઓ

૪.૩ ઘાટાનું ભગત આંદોલન (દારૂ નિષેધ આંદોલન)

પ્રકરણ–૫ : ગાંધીયુગ દરમિયાનના દક્ષિણ ગુજરાતના આદિવાસી આંદોલનો

૫.૧ દેવી આંદોલન

૫.૨ વેડછી આંદોલન

૫.૩ હળપતિ ચળવળ

૫.૪ દક્ષિણ ગુજરાતમાં ધાર્મિક આંદોલનો
(મોક્ષમાર્ગી, સતકૈવલ તથા સતીપતિ આંદોલન)

૫.૫ વારલી આંદોલન

પ્રકરણ–૬ : આદિવાસીઓના સંદર્ભમાં ગાંધીવાદી રચનાત્મક કાર્યો

પ્રકરણ–૭ : દક્ષિણ ગુજરાતના આદિવાસી સ્વાતંત્ર્ય સૈનિકો

પ્રકરણ–૮ : ઉપસંહાર તથા અભ્યાસનાં તારણો

શોધનિબંધમાં અંતે શોધાભ્યાસમાં ઉપયોગમાં લીધેલ ગ્રંથો, પુસ્તકો, સામયિકો, પત્ર–પત્રિકાની સૂચિ તથા પરિશિષ્ટમાં સહાયક શોધસાહિત્ય પ્રસ્તુત કરી શોધનિબંધનું કાર્ય પૂર્ણ કરવાનું પ્રયોજન છે.

ઉપર્યુક્ત પ્રકરણોનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે :

પ્રકરણ–૧

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનો પરિચય

ગુજરાત રાજય દેશની પશ્ચિમે ભાગીગળ સંસ્કૃતિ ધરાવતું અનેક આગવી વિશેષતા વાળું એક મહત્ત્વનું રાજય છે. પશ્ચિમી અરબી સમુદ્ર, ઉત્તરે અરવલ્લીની હારમાળાઓ પૂર્વમાં સાતપૂડાની ટેકરીઓ અને દક્ષિણે વિંધ્યાચલની ટેકરીઓ આવેલી છે. દેશમાં આદિવાસી વસ્તીની દૃષ્ટિ ગુજરાત રાજય પાંચમા નંબરે આવે છે. રાજયનો સમગ્ર આદ્યવાસી વિસ્તાર અંદાજે ૨૦,૦૦૦ ચો. માઈલ તથા ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજયની કુલ આદિવાસી વસ્તી ૭,૪૧,૮૧,૧૬૦ એટલે કે કુલ આદિવાસી વસ્તી લગભગ ૮૦.૫૦ ટકા. રાજયની ઉત્તર પૂર્વ અને દક્ષિણની સરહદી પટ્ટીમાં વસે છે. રાજયના ૧૮ ટકા આદિવાસી જૂથો મેદાની વિસ્તારમાં વસે છે, જેનું પ્રમાણ ૩૨ ટકા છે. પાંચ જૂથો જંગલ વિસ્તારમાં વસે છે. જેમની વસ્તી ૧૭.૯ ટકા જેટલી છે. બે જૂથો સુકા રણ પ્રદેશમાં વસે છે. જેમની વસ્તી ૧૦.૨ ટકા જેટલી છે અને એક જૂથ દરિયા કિનારે વસે છે. જેની વસ્તી ૦.૧૦ ટકા જેટલી છે.

રાજયના આદિવાસીઓ ભૌગોલિક દૃષ્ટિએ મુખ્યત્વે ચાર વિભાગોમાં વહેંચી શકાય :

(૧) ઉત્તર ગુજરાતના આદિવાસીઓ

(૨) મધ્ય ગુજરાતના આદિવાસીઓ

(૩) દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ

(૪) રાજયની પશ્ચિમી વિસ્તાર જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારનો સમાવેશ થાય છે.

❖ **દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ :**

દક્ષિણ ગુજરાતના કેટલાક આદિવાસી સમુદાયોનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. જેમાં સુરત, નવસારી,વલસાડ અને ડાંગ જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં ભીલ, દુબળા, હળપતિઓ, ધોડિયા, ધાનકા, કોલધા, ચૌધરી, વારલી, કુકણા, કુનબી, નાયકા, નાયકડા, કોટવાડિયા, ગામીત વગેરે જાતિનો સમાવેશ થાય છે. જેથી એમનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. તેમના રીતિ–રિવાજો, વાર–તહેવાર, પોશાક, રહેણીકરણી, વ્યવસાય, ખેડીવાડી જેવી પ્રવૃતિઓનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે એમની ....

(૧) પ્રણાલિકાગત નિશ્ચિત સીમા હોય છે.

(૨) વ્યવસાય વાર ફળિયા, વર્ણવાર ફળિયા

(૩) ગ્રામદેવતાઓનું સ્થાન

(૪) સમુહ જીવન

(૫) અલગ રહેઠાણ પ્રથા

(૬) પંચ પ્રથા

(૭) સમુહગાન – નૃત્યો

(૮) સંરક્ષણ

(૯) સહકારમય આંતર વ્યવહાર

(૧૦) દરેક ગામની ઓળખ હોય છે

(૧૧) સામુહિક જરૂરિયાત મુજબ નેતૃત્વમાં મતદર, વળતાણિયાઓ, ભૂવો, ભગત, પૂજારી, એમ પ્રણાલિકાગત નેતૃત્વ હોય છે. આમ આવા લક્ષણો ઉપરોકત આદિવાસી સમુદાયોમાં જોવા મળે છે.

જે આદિવાસી સમુદાયો સભ્ય સમાજના સંપર્કમાં આવ્યા તેઓ બીજી નીતિઓ કરતાં શિક્ષણ, સામાજિક, આર્થિક સ્થિતિ, પહેરવેશ જેવી ઘણી બાબતોમાં આગળ નિકળી ગયા છે. જયારે જે લોકો અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરે છે તેઓ આજે પણ પછાત અવસ્થામાં પોતાનું જીવન વ્યતિત કરી રહ્યા છે. તેઓ અન્ય સભ્ય સમાજની હરોળમાં આવે તેવા પ્રયાસો હાથ ધરવાની જરૂર છે.

આમ રાજયમાં આદિવાસી જૂથોની સરકાર માન્ય સંખ્યા ૨૯ જેટલી છે. આદિવાસીઓની પેટા જાતિઓ જોવા મળે છે. આ આદિવાસીઓ પૈકી મેં દક્ષિણ ગુજરાતમાં વસતા આદિવાસીઓનો પરિચય તેમની સંસ્કૃતિ, તેમની આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિ પરિચય, તેમની જીવન પદ્ધતિની માહિતી ભેગી કરી પરિચય આપવાનો પ્રયાસ કર્યો છે.

<u>પ્રકરણ–૨</u>

૧૯મા અને ૨૦મા સૈકામાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની ભૌગોલિક, આર્થિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થિતિ

૧૯મા અને ૨૦મા સૈકામાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની ભૌગોલિક, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થિતિ નીચે મુજબ હતી.

ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાતના આદિવાસીઓને ચાર વિભાગોમાં વહેંચી શકાય.

(૧) ઉત્તર ગુજરાતના આદિવાસીઓ

(૨) મધ્ય ગુજરાતના આદિવાસીઓ

(૩) દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ

(૪) રાજયના પશ્ચિમ વિસ્તાર (સૌરાષ્ટ્ર – કચ્છના) આદિવાસીઓ

આ પ્રકરણમાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય સ્થિતિની ચર્ચાને પ્રાધાન્ય આપી સવિસ્તાર વર્ણન પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

(૧) **આર્થિક સ્થિતિ :** આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. સામાજિક સાંસ્કૃતિક પાસામાં વ્યવસાય મુખ્ય ભાગ ભજવે છે. તેમની અર્થવ્યવસ્થામાં અસ્થિરતાનાં દર્શન થાય છે. ટૂંકમાં મોટાભાગના આદિવાસીઓ ખેતી ઉપર નિર્ભર કરે છે. આ ગામોમાં વ્યવસાય કે રોજગારીની તકો ઓછી છે. વરસાદી ખેતી ઉપર આધાર રાખવો પડે છે. ખેતીની આવક માત્ર ત્રણ ચાર મહિના ચાલે છે. જંગલ પેદાશ, વાંસકામ, રસ્તા, બાંધકામ, ખાણોમાં કામ, જંગલ મજુરી, ખેતમજુરી વગેરે અન્ય ગૌણ વ્યવસાયો પર આધાર રાખવો પડે છે. શાહુકારો દ્વારા શોષણ કરવામાં આવતું હોવાથી ખેડૂતો દેવાદાર તથા જમીન વિહોણા થઈ ગયા હતા.

(૨) **સામાજિક સ્થિતિ :** દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના ધોડિયા, કોંકણા, વારલી, ચૌધરી, ગામીત, ભીલ, નાયકા, હળપતિ વગેરે આદિવાસીઓ વિવિધ કુળમાં

વહેંચાયેલા છે. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં પ્રચલિત લગ્ન પ્રકારોમાં માતા–પિતા અને વર કન્યાની સંમત્તિથી થતા લગ્ન પ્રથા જોવા મળે છે. આદિવાસીઓમાં પુરુષ બરોબર સ્ત્રીને હકકો હોય છે. માત્ર પસંદગીમાં સમાન અધિકાર સ્ત્રીને છે. લગ્ન મુખ્યત્વે પુખ્ત ઉંમરે જ થાય છે. આદિવાસીઓ સ્વભાવે વિશ્વાસુ, નમકહલાલ, સંતોષી, વ્યસની કે આળસુ પણ જોવા મળે છે. બધા જ આદિવાસીઓ આવી પ્રકૃતિના હોતા નથી. લગ્નના પ્રકાર, જાતિપંચ, આભુષણો, હાટ મેળાઓ, પહેરવેશ, સંસ્કૃતિ અને સંસ્કૃતિ અનુસાર ગ્રામ રચના, છુટા છવાયા વસવાટ છતાં ગામની એકતા અકબંધ.

(૩) **ધાર્મિક સ્થિતિ :** આદિવાસીઓ મુખ્યત્વે હિન્દુ ધર્મ પાળે છે. આદિવાસીઓ સામાન્ય રીતે માનવ કરતાં મહાન હોય એવી દૈવી શકિતને પૂજતા હોય છે. આદિવાસીઓની ધાર્મિક માન્યતા, રીતિ–રિવાજો, તેમના દેવી–દેવતાઓ, અલૌકિક શકિત, ભૂતપ્રેતમાં વધુ માનતા પૂર્વજોના પ્રેતાત્મા અદૃશ્ય–અલૌકિક દેવી–દેવતાઓ અને બલિદાનોની આસપાસ તેમની ધાર્મિક પરંપરા ઘુમતી રહેતી હોય છે. આમ જંતર મંતર, ભૂતપ્રેત, પૂર્વજો, દેવતા, બલિદાનો જેવી ધાર્મિક માન્યતાઓ તેમની પરંપરાગત ધર્મનું એક અંગ બની ગયું હતું.

(૪) **શૈક્ષણિક સ્થિતિ :** ૧૯મી સદીના અંત સુધી તેઓમાં શિક્ષણનો ફેલાવો નામનો જ હતો અને જે કંઈક હતો તે પણ ફકત પ્રાથમિક કક્ષાએ જ હતો. આદિવાસીઓને શિક્ષણ લેવાનો પ્રોત્સાહન આપવાના શરૂઆતના પ્રયત્નો ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ ઈ.સ. ૧૮૮૫માં દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમ 'ઘાણકા' વસ્તીગૃહ શરૂ કરી તેમને અંધશ્રદ્ધા, વહેમ જેવા દુષણોમાંથી બહાર લાવવા શિક્ષણની શરૂઆત કરી. જેથી શાહુકારોના શોષણમાંથી મુકત કરવા મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તદ્ઉપરાંત ગાંધીવાદી રચનાત્મક કાર્યો દ્વારા

અને ગાંધીજીના આદેશને કારણે ગામડે ગામડે ગાંધીવાદી સંસ્થાઓનો આરંભને કારણે શિક્ષણનું પ્રમાણ વધવાથી આદિવાસીઓનો સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક, શૈક્ષણિક વિકાસ થયો હતો.

(૪) **સાંસ્કૃતિક સ્થિતિ :** દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ પાસે પોતાની કલા, સંગીત, નૃત્ય અને કંઠ સાહિત્ય અનોખુ અને અનેરુ પ્રાપ્ત છે. તેઓના ઉત્સવ ગીતો, બાળગીતો, શ્રમગીતો, દરેકમાં તેની સંસ્કૃતિની ઝલક દેખાઈ છે. તેઓની જુદી જુદી બોલી છે. ભીલી બોલી, કોંકણી, ચૌધરી, ઘોડિયા, ગામીત બોલી વગેરે ભાષાઓનો ગ્રિયર્સને ઉલ્લેખ કર્યો છે.

કઈ રીતે આદિવાસીઓનું શાહુકારો, જમીનદારો, કોન્ટ્રાકટરો શોષણ કરતા હતા અને ત્યાર બાદ શિક્ષણના વિકાસ દ્વારા કેટલીક સામાજિક, ધાર્મિક ચળવળો દ્વારા સમાજ સુધારાઓ થયા તથા ભદ્રવર્ગના સંપર્કને કારણે તેમના વિચારોમાં તથા આઝાદીની સ્વતંત્રતાની લડતમાં જોડાવાની તેમનામાં હિંમત આવી. એક આદિવાસી વિસ્તારના સમાજ જીવન, રહેણીકરણી, કઈ રીતે કયા કારણોસર બદલાય છે તેની માહિતી આપવામાં આવી છે અને વધુ ને વધુ કઈ રીતે તેઓ શિક્ષણ દ્વારા જાગૃતિ અને સ્વયં આદિવાસીઓ પોતાની સંસ્કૃતિનું જતન કરે છે તેની ચર્ચા કરવામાં આવી છે. તેમનો ભવ્ય ભૂતકાળ અને કઈ રીતે વિકાસ અને શોષણનો ભોગ બને છે તે કારણો અને પરિણામો જાણવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

<u>પ્રકરણ–૩</u>

આદિવાસીઓના ઉદ્ધાર માટે સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનું પ્રદાન

સ્વાતંત્ર્યોત્તર ભારતમાં અનેક રજવાડાઓ અને રાજાઓ નામશેષ થઈ ગયા. આજે આપણે દુનિયાની સૌથી મોટી વસ્તી ધરાવતા લોકશાહી દેશ તરીકે વિશ્વમાં અગ્રક્રમે છીએ. પરંતુ આપણે જો ઇતિહાસમાં ડોકિયું કરીએ તો કેટલાક રાજવીઓ

સમાજના કલ્યાણ અર્થે કેવાં કવાં પગલાં લીધાં હતાં તેની ઝલક મળી રહે છે. એ સાચુ છે કે, કેટલાક રાજવીઓ ફક્ત ને ફક્ત પોતાના સુખસાહેબી, રજવાડી ઠાઠમાઠ માટે કટીબદ્ધ હતા પરંતુ એવા પણ કેટલાક રાજવીઓ હતા જેઓ દીર્ઘદષ્ટિ ધરાવતા હતા તેઓ સમાજના છેવાડાના માનવી સુધી સુખ અને સમૃદ્ધિના ફળ પ્રાપ્ત થાય તે માટે ચિંતિત હતા. આપણે જાણીએ છીએ કે કોઈપણ સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે શિક્ષણ જરૂરી છે. શિક્ષણની મહત્તા સમજનાર એક રાજવી હતા વડોદરા રાજયના શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના રાહબરીમાં હતો, આ વિસ્તાર નવસારી પ્રાંતમાં આવેલો હતો. રાનીમહલ વિસ્તાર તરીકે ઓળખવામાં આવતા આ વિસ્તારમાં ભીલ, ચૌધરી, ઢોડિયા, ગામીત, વસાવા, ધાનકા, કોટવાડિયા, નાયકા, નાયકડા, દુબળા, તલાવિયા, વારલી, વગેરે રાનીપરજ પ્રજા (આદિવાસીઓ) વસવાટ કરતા હતા. આ આદિવાસી પ્રજા માટે તેમણે આર્થિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે જે પગલાં લીધાં હતાં. તેમણે સોનગઢમાં ધાનકા વસ્તીગૃહની શરૂઆત કરીને શિક્ષણ દ્વારા આદિવાસીઓમાં સુધારો આવ્યો તેની વિગતો વર્ણવી છે.

આ આદિવાસી પ્રજા માટે તેમણે આર્થિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે જ પગલાં લીધાં એ આધુનિક સરકાર અને શિક્ષણશાસ્ત્રી, અર્થશાસ્ત્રી અને સામાજિક સંસ્થાઓ અને વર્તમાન રાજય સરકાર કે કેન્દ્ર સરકારને અચંબામાં નાખી દે તેવા સુધારાઓ હતા. આજથી ૧૫૦ વર્ષ પહેલાં એમણે જે કામો કર્યાં એને કારણે તે પણ આદિવાસીઓ માટે આટલા કામો ભાગ્યે જ કોઈ રાજાએ તે સમયે છેવાડાના માનવીઓ માટે આટલા પગલાં લીધાં હશે.

આ સમય દરમિયાન કાનીપરજમાં અંધશ્રદ્ધા, વહેમ, પછાતપણું, જંગલી સ્થિતિ, ગરીબી, અજ્ઞાનતા, દારૂતાડીનું વધારે પડતું સેવન, વધારે અને વજનદાર ઘરેણાનો શોખ, જે ભણે એનું આયુષ્ય ટૂકું થાય એવી માન્યતા, પ્રકૃતિ દેવો પર વિશ્વાસ અને બિમાર થાય તો દવા–દારૂ વગેરે કરાવવાને બદલે ભગતભુવા પર વધુ પડતો

વિશ્વાસ વગેરે માન્યતાઓ જોવા મળતી હતી છતાં સયાજીરાવ ત્રીજાએ સામાજિક સુધાર કરવા માટે જે કાયદાઓ દ્વારા, શિક્ષણ દ્વારા આ પ્રજાને જાગૃત કરવામાં ગરીબી, અજ્ઞાનતામાંથી દૂર કરવા મહારાજાઓ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. એમાં કોઈ શંકાને સ્થાન નથી.

આમ રાનીપરજ વિસ્તારોમાં કેળવણી દ્વારા જાગૃતિ લાવીને અન્ય જંગલ વિસ્તારોમાં વ્યારા, મહુવા, અનાવલ, વાંકલ, મહાલોમાં વસ્તીગૃહ ખોલવામાં આવ્યા. રાજય તરફથી ૧૮૮૫માં સોનગઢમાં સૌપ્રથમ ધાનકા વસ્તીગૃહ શરૂ અને આદિવાસીઓમાં અંતે જાગૃતિ આવી સમાજસુધારાઓ થયા.

ગાંધીજી અને ડૉ. આંબેડકરે અસ્પૃશ્યતા સામે દેશવ્યાપી આંદોલન શરૂ કર્યું. તેના દાયકાઓ પહેલાં તેની સામે ચળવળ, આંદોલન ઝુંબેશ ચલાવનારાઓની ઉજ્જવળ નામાવલીમાં વડોદરા રાજયના શાસક સયાજીરાવ ગાયકવાડ (૧૮૬૩–૧૯૩૯)નો સમાવેશ થાય છે. આ પ્રકરણ દ્વારા સયાજીરાવના વ્યક્તિત્વને તેમજ તેમની પ્રવૃત્તિને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

<u>પ્રકરણ–૪</u>

ગાંધીયુગ પૂર્વેના દક્ષિણ ગુજરાતના આદિવાસી આંદોલનો

આદિવાસીઓ ભારતના મૂળ નિવાસીઓ છે. ઘટાદાર જંગલો, વનો, પહાડી પ્રદેશો, ખાણોમાં, કોતરોમાં, પહાડી વિસ્તારોમાં વસે છે. છેલ્લા ત્રણસો વર્ષનો ઇતિહાસ તપાસીએ તો ભારતના આદિવાસીઓ વિવિધ કારણોસર આંદોલનો, બળવાઓ, વિદ્રોહો કર્યા છે. આદિવાસીઓ મૂળભુત રીતે સ્વતંત્ર, વિશ્વાસુ, સ્વમાની પ્રજા છે. એટલે જયારે એમની સ્વતંત્રતા પર તરાપ આવે એમની સાથે વિશ્વાસઘાત થાય અથવા સ્વમાન ભંગ થાય ત્યારે તેઓ સહન કરતા નથી અને બંડ પોકારી ઉઠે છે.

પ્રસ્તુત પ્રકરણમાં સ્વતંત્રતા પહેલાં થયેલા દક્ષિણ ગુજરાતના આદિવાસી આંદોલનોની છણાવટ કરવામાં આવી છે. કેટલાક અપવાદ બાદ કરતાં સ્વતંત્રતાના પહેલાના ગુજરાતના આંદોલનો બ્રિટીશ શાસનકાળ દરમિયાન થયાં હતાં.

ગુજરાતમાં ચાર સત્તાઓ હતી – (૧) બ્રિટીશ શાસન, (૨) રાજાઓનું શાસન, (૩) પોર્ટુગીઝોનું શાસન, (૪) ગાયકવાડી શાસન.

૪.૧ ૧૮૮૫નો ભરૂચનો તલાવિયા આંદોલન :

(૧) ઈ.સ. ૧૮૮૫માં ભરૂચ મુકામે તલાવિયા જાતિના કેટલાક ભગતો ભેગા થઈ અંગ્રેજ કમિશનર પ્રેસકોટનું ખુન કર્યું.

(૨) ડાંગના આદિવાસી ભીલ રાજાઓના બળવા

- પ્રથમ બળવો ૧૯૦૭માં રાજાના દિકરા અને આહવાના એક કણબી વચ્ચે થયો.
- બીજો બળવો કદમલ ગામમાં ઈ.સ. ૧૯૧૧માં થયો.
- ત્રીજો બળવો ૧૯૧૪માં પીંપરીના નાયકે આગેવાની લીધી હતી.

(૩) ઘાટાનું ભગત (દારૂનિષેધ) આંદોલન

લાખા ભગત જેવા બીજા ઘણાની ધરપકડ થાય છે. તેના બે મુખ્ય સાથીઓને ગુના સ્થળ પર જ ફાંસી આપવામાં આવે છે. સેશન જજ દ્વારા ૫૧ જણાને આજીવન કેદની સમજા કરવામાં આવે છે. ૧૭ જણાને હાઈકોર્ટ સાબિતિ વગર માફ કરી દે છે. ટોળકીના નેતાઓ માનો એક માતા બનેલો નેતા કે જે ભાગી છુટેલો પકડાઈ જાય છે તેમના પર કેસ ચલાવવામાં આવે છે. સંતોષજનક પૂરાવા ન મળવાને કારણે તેને છોડી મૂકવામાં આવે છે.

૪.૨ ડાંગના આદિવાસી રાજાઓના બળવાઓ :

૧૮મી સદીના અંત ભાગમાં મોગલ સત્તા તૂટી પડી. અરાજકતા, અંધાધુંધી, અવ્યવસ્થા વ્યાપક પ્રમાણમાં ફેલાઈ ગઈ. પરિણામે ભીલો તથા જંગલમાં રહેતા અન્ય લોકોને લૂંટ ચલાવવાની સુવિધા ઊભી થઈ ગઈ એટલે ખાનદેશમાં પણ ભીલો છડેચોક આતંક, લૂટફાટ કરતા હતા. મરાઠાઓએ ક્રુરતા વાપરી ભીલોને કાબુમાં રાખવા માગતા હતા. આ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા લેફ્ટેનન્ટ આઉટરામે ઈ.સ. ૧૮૨૫માં ખાનદેશમાં ભીલ પલટનની સ્થાપના કરી. પરંતુ ઈ.સ. ૧૮૫૭ના બળવા પછી આ પલટનને વિખેરી નાખવામાં આવી હતી.

જંગલની સંરક્ષાત્મક કિલ્લેબંધી અને પોતાના બાહુબળથી ડાંગના ભીલ રાજાઓએ પોતાની સ્વતંત્રતા જાળવી રાખી હતી અને પોતાના બાહુબળથી ડાંગના ભીલ રાજાઓ સ્વતંત્ર મિજાજના હોવાથી ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૧૨ સુધી આજુબાજુના વિસ્તારો સાથે યુદ્ધે ચઢયા હતા. બ્રિટીશ સરકારે લશ્કર ગોઠવ્યું હતું. પરંતુ ડાંગી રાજાઓએ બહારની દખલગીરીનો સફળતાપૂર્વક સામનો કર્યો હતો. ગાયકવાડના લશ્કરની કતલ અને બ્રિટીશ સરકાર દ્વારા યોજાયેલી ખાનદેશના ભીલોની લશ્કરી ટૂકડીનો સામનો, એ બાબતથી ડાંગી રાજાઓની સ્વતંત્રતાની ઝંખના સ્પષ્ટ થાય છે. જયારે બ્રિટીશરોએ ડાંગના જંગલ પટ્ટા મેળવ્યા ત્યારે આ યુદ્ધનો અંત આવ્યો.

અરાજકતા ફેલાતી અટકાવવા માટે ગાયકવાડે ડાંગની સરહદો પર હાથગઢ, સાલેર, મુલેર અને રૂપગઢ એમ ચાર કિલ્લાઓ સ્થાપ્યા હતા.

ડાંગ પરનો બ્રિટીશ સરકારનો વિજય લેફ્ટેનન્ટ આઉટરામની વિશેષ કુનેહને કારણે થયો હતો.

ડાંગમાં ત્રણ મહત્ત્વના બળવા થયા કારણ કે ડાંગમાં અંગ્રેજો દ્વારા 'પ્રતિબંધિત', 'રક્ષિત જંગલો', 'અનામત જંગલો'. જંગલો બચાવવા માટે ત્યાંના સ્થાનિક લોકો માટે આજીવિકાનો પ્રશ્ન ઊભો થયો. પારકા પોતાના વિસ્તારમાં આવી અધિકારો સ્થાપી રહ્યા હતા. તેઓ બધી જ રીતે હાસ્યામાં જતા રહ્યા હતા. તનાવની આ જે પરિસ્થિતિ ઊભી થઈ તેનું પ્રતિબિંબ ૧૯૦૭ થી ૧૯૧૪ વચ્ચે જે ત્રણ મોટાં તોફાનો ફાટી નિકળ્યાં તેમાં પ્રતિબિંબ પડે છે. આથી પ્રથમ બળવો સપ્ટેમ્બર, ૧૯૦૭માં થયો

બીજો બનાવ કદમલ ગામમાં દર્ભાવતી ઈ.સ. ૧૯૧૧માં બળવો મથયો. આમ અસંતોષ વધતો ગયો. સરકાર માટે નવી નવી ચુનોતી આવતી ગઈ. ઈ.સ. ૧૯૧૧માં એક સામાન્ય ભીલ – સોનજી કાબરીયા હતો તે ઝુંપડી બાંધવા ઈચ્છતો હતો. ભીલોની દૃષ્ટિએ સાગના લાકડાનો ઉપયોગ કરવાનો તેમનો હક્ક હતો. પરંતુ હવે તેને સાગ કાપવા માટે તેણે એ વિસ્તારના જંગલ ખાતાના ફોરેસ્ટ અધિકારીની પરવાનગી લેવી પડતી હતી. અધિકારીએ પરવાનગી ન આપી.

આ બનાવની જાણ થતાં તેણે પેલા ભીલ સોનજી કાબરિયાને જણાવ્યું કે હું રાજા છું માટે કોઈ પરમિશનની જરૂર નથી. જંગલનો હું માલિક છું. આથી તેણે સાગ કાપવાનું શરૂ કર્યું. અધિકારીને જાણ થતાં પોલીસ બંદોબસ્ત સાથે પકડવા આવ્યા તો ભીલોએ જંગલ સળગાવી દેવાની ધમકી આપી. તેમની ધરપકડ કરવામાં આવી. ઈ.સ. ૧૯૧૧માં તેને છોડવામાં આવ્યો.

ત્રીજો બળવો ઈ.સ. ૧૯૧૪માં થયો હતો. તે સમયે અંગ્રેજોની યુરોપમાં બુરી હાલત હતી. હારતા જતા હતા એવી અફવા ફેલાય આથી ભીલોએ ફરીથી સત્તા મેળવવા માટે પ્રયત્ન શરૂ કરી દીધો. પિંપરીના નાયકે આ વખતે આગેવાની લીધી. ભીલોએ આગ લગાડવાનું અને ઝાડો કાપવાનું શરૂ કર્યું. જેમણે એમને રોકવાના પ્રયત્ન કર્યા તેઓને મારવાની ધમકી આપી. પોલીસે આ બળવા કરનારા પિંપરીના નાયક અને

અન્ય ૧૦૦ જેટલા તેમના સાથીદારોની ધરપકડ કરી આહવા જેલમાં તેમને લઈ જવામાં આવ્યા. તોફાન શાંત થઈ ગયું. ગુનો કબુલ કર્યો. ભવિષ્યમાં સારી રીતે વર્તવાનો વચન આપ્યું અને માફી માગી. તેણે પોતે નશાની હાલમાં આવું પગલું ભર્યું હતું એવો લુલો બચાવ કર્યો.

આઝાદી પછી નાના મોટા રજવાડાઓનું એક રાષ્ટ્રમાં વિલિનીકરણ બાદ રાજાઓ અને તેમના કુટુંબીજનોને રાજકીય સાલીયાણા બાંધી આપવામાં આવેલ. જે ઈ.સ. ૧૯૭૦ના દાયકામાં પાછા ખેંચી લેવામાં આવેલ. આ સર્વે રજવાડાઓએ બ્રિટીશ સરકારની સીધી હકુમત હેઠળ હતા. આથી તદ્દન અલગ ડાંગ રાજય તે પાંચ ભાગોમાં સ્વતંત્ર રાજાઓ દ્વારા અસ્તિત્વમાં આવ્યું હતું. જેમાં બ્રિટીશ હકુમત દ્વારા જીતી ન શકાતા છેવટે ૧૮૪૨માં બ્રિટીશ પ્રતિનિધિ સર ઓટમ દ્વારા ડાંગી ભીલ રાજાઓ સાથે વન પેદાશોના હક્ક અને તેના ભાડા પેટે કરાર કરવામાં આવ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે બ્રિટીશ સમય દરમિયાન બ્રિટીશરો ડાંગ રાજયને ફોરેન જયુરીડીકશન એકટ મુજબ ફોરેન ટેરીટરી એન્ડ એડમિનિસ્ટ્રેશન તરીકે ઓળખતા હતા. આમ બ્રિટીશ સરકાર સામે પણ અજેય રહેલ ડાંગના રાજવીઓને તેમના માન મોભા માટે તેમના હક્કો અને સવલતોના બદલામાં રાજકીય પેન્શન આપવામાં આવે છે.

૪.૩ ઘાટાનું ભગત આંદોલન (દારૂ નિષેધ આંદોલન) :

ગાંધીયુગ પહેલાના દક્ષિણ ગુજરાતમાં બીજો મહત્ત્વનો સામાજિક સુધારા માટે ચળવળ ચાલી જેમાં સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના નવસારી પ્રાંતમાં આવતા સોનગઢ ના મહાલના વ્યારા તાલુકાના ઘાટા ગામમાં ઈ.સ. ૧૯૦૫માં અમરસિંહ ગામીત દ્વારા દારૂ નિષેધ અને વજનદાર ઘરેણા તથા સામાજિક કુરિવાજો સામે એક ઝુંબેશ ચાલી હતી.

હવે પછીના પ્રકરણમાં ગાંધીજીના આગમન અને ગાંધીયન સમય દરમિયાન જે આંદોલનો થયા તેની ચર્ચા કરવામાં આવે છે.

પ્રકરણ–૫

ગાંધીયુગ દરમિયાનના દક્ષિણ ગુજરાતના આદિવાસી આંદોલનો

(૧) **દેવી આંદોલન :** ઈ.સ. ૧૯૨૨–૨૩ના આંદોલને હકક માટેની ભાવના પ્રગટાવી હતી. ધાર્મિક શુદ્ધિ માટેની ચળવળ નિષ્ફળ ગઈ તે પછી પણ આ ભાવના સુદૃઢ રહી જ છે. દેવીએ આત્મ સન્માનના બીજ વાવ્યાં હતાં.

દક્ષિણ ગુજરાતમાં ઈ.સ. ૧૯૨૨માં દેવી આંદોલન થયું હતું. આ સુધારાવાદી ચળવળનું સૂત્ર સંચાલન સલાબાઈએ કર્યું હતું. સલાબાઈ એટલે સલાહ આપતી સ્ત્રી.

દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાની પૂર્વ સરહદે વસતા લગભગ ૨૦૦૦ આદિવાસીઓ નવેમ્બર–૧૯૨૨ના રોજ ખાનપુર નામના એક ગામ નજીક આવેલા એક ખેતરમાં ભેગા થયા. છ ગામડામાંથી આવેલા આ સૌ સલાબાઈ નામની એક નવી શક્તિશાળી દેવીના ઉપદેશ સાંભળવા ભેગા થયાં હતાં. આ દેવી પૂર્વ તરફના ડુંગરાઓમાંથી આવી હોવાની માન્યતા હતી અને તેણે કેટલાંક માધ્યમ રૂપ તત્વોનો માં દ્વારા તેની માગણી મૂકી હતી. આ માધ્યમો એક માંડવામાં ટોળા સામે બેઠાં હાથમાં લાલ કપડું પકડીને તે ધુણવા માંડયા અને થોડીવારમાં સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી અને તે પછી પોતાની પાસેના કપડામાંથી વાંચતા હોય તેમ તેમણે દેવીના આદેશોની જાહેરાત કરી :

- દારૂ–તાડી પીવાનું બંધ કરો
- માંસ મચ્છી ખાવાનું બંધ કરો

- ચોખ્ખું અને સાદુ જીવન જીવો
- પુરુષોએ દિવસમાં બે વાર સ્નાન કરવું
- પારસીઓ સાથે કોઈ સંબંધ ન રાખવો.

આંદોલનનું અવલોકન કરતા ડેવિડ હાર્ડીમેને નોંધ્યું છે કે, દેવી ચળવળે હક્ક માટેની ભાવના પ્રગટાવી હતી. ધાર્મિક શુદ્ધિની ચળવળ નિષ્ફળ ગઈ તે પછી પણ આ ભાવના તો સુદ્દઢ રહી જ. ચળવળ દરમિયાન પારસીઓની પ્રતિષ્ઠા ઓછી થઈ ગઈ એટલે આદિવાસીઓએ પારસીઓથી ડરવાનું પણ છોડી દીધુ હતું. દક્ષિણ ગુજરાતના ઘણા આદિવાસીઓ પાછળથી પીતા થઈ ગયા હતા છતાં એક વાત ચોક્કસ હતી કે દેવીએ આત્મસન્માનના બીજ વાવ્યાં હતાં.

૫.૨ વેડછી આંદોલન :

દેવી આંદોલનની જેમ વેડછી આંદોલન પણ દક્ષિણ ગુજરાતમાં થયું હતું. સુરત જિલ્લાના વાલોડ તાલુકામાં આવેલા વેડછી ગામમાં સ્વતંત્રતા પહેલાં શરૂ થયેલું. આંદોલન આઝાદી પછી પણ લંબાયુ હતુ. ગાંધીવાદી પ્રભાવ હેઠળના આ આંદોલનમાં જુગતરામ દવેએ મહત્ત્વની ભુમિકા ભજવી હતી.

વેડછી આંદોલનનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરનાર આઈ. પી. દેસાઈએ આ ચળવળને ઈ.સ. ૧૯૪૭ થી ૧૯૬૭ વચ્ચેના સમય એમ કે ભાગમાં વહેંચી નાખી છે. તેમની નોંધ પ્રમાણે ઈ.સ. ૧૯૨૨થી ૧૯૪૭ સુધીના સમયને આંદોલનના ભરતી ઓટના સંદર્ભમાં પેટા વિભાજિત કરી શકાય. ઈ.સ. ૧૯૨૨ થી ૧૯૨૯ સુધીનો સમય રાજકીય આંદોલનમાં ઓટનો પરંતુ વેડછી આંદોલનમાં ભરતીનો સમય હતો. જયારે ૧૯૨૯ થી ૧૯૩૬નો સમય સઘન રાજકીય પ્રવૃતિવાળો. પરંતુ વેડછી આંદોલનનો ઓટનો સમય હતો. ત્યાર બાદ ૧૯૩૭ થી ૧૯૪૭નો ગાળો સ્થિર બનીને કામ કરવાનો

હતો. ઈ.સ. ૧૯૪૨ થી ૧૯૪૫ વચ્ચેનો ટૂંકોગાળો ફરી પાછો રાજકીય આંદોલનનો ગાળો હતો.

વેડછી આશ્રમ ખાદી કેન્દ્ર તરીકે ૧૯૨૪માં અસ્તિત્વમાં આવ્યો. વેડછીના જીવણ બાબર અને ગોમજીલાલની વિનંતિના પગલે ચુનીભાઈ મહેતાએ ખાદી કેન્દ્ર શરૂ કર્યું. ૧૯૨૬માં જુગતરામ દવે એ બારડોલીમાં 'રાનીપરજ વિદ્યાલય'ની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૨૮ના ગાળામાં વેડછીમાં કામના મંડાળ થઈ ચૂક્યાં હતાં. ઈ.સ. ૧૯૨૮થી જુગતરામના પ્રવેશ બાદ શિક્ષણના નવા કાર્યક્રમનો આરંભ થયો.

૫.૩ હળપતિ ચળવળ :

સતીપતિના આરંભ થયો એ જ અરસામાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં હળપતિ ચળવળ ચાલી હતી. સરદાર વલ્લભભાઈ પટેલ અને જુગતરામ દવેએ હળપતિઓમાં જાગૃતિ લાવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું.

વલસાડ, સુરત, ભરૂચ જિલ્લામાં બહોળી વસ્તી ધરાવતા હળપતિઓ દક્ષિણ ગુજરાતનો સૌથી મોટો આદિવાસી સમુદાય છે. તેઓ જમીન વિહોણા હતા. અત્યંત ગરીબ હતમા કણબી કે પાટીદાર જમીનદારના વેઠિયા તરીકેનું જીવન જીવતા હતા. એવું કહેવાય છે કે તેમની ગરીબીને કારણે તેઓ 'દુર્બળ' કહેવાયા. ગાંધીજીએ તેમને હળપતિ નામ આપ્યું. ઈ.સ. ૧૯૩૯માં સરદાર વલ્લભભાઈ પટેલે પ્રથમવાર વેઠ કરતા આદિવાસીઓ અને તેમના માલિકોને સંયુક્ત બેઠકમાં તેમને હળપતિ તરીકેનું સંબોધન કર્યું હતું. હળ ચલાવે તે હળપતિ કહેવાયા.

ઈ.સ. ૧૯૩૮માં બારડોલી તાલુકાના હરિપુરા ગામમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સત્રનું આયોજ કર્યું. હળપતિઓ માટે સ્વતંત્રતાનો અર્થ હાળીપ્રથામાંથી મુક્ત થવાનો હતો. વેઠમાંથી છૂટવાની આશાએ મોટી સંખ્યામાં આવ્યા. ધણિયામાઓને આ

ગમ્યું નથી. હળપતિઓ માટે હરિપુરા કોંગ્રેસમાં સરદાર પટેલે વચન આપ્યું કે દારૂનું વ્યસન છોડો તો હાળીપ્રથામાંથી મુક્તિ આપવામાં આવશે. તેનું આ પરિણામ હતું. હરિપુરા કોંગ્રેસના સમાપ્ત પછી વલ્લભભાઈ પટેલે આપેલા વચનનું પાલન કરવા ખેડૂતોની બેઠક બોલાવી. આ પ્રથામાંથી મુક્ત કરવા વિનંતિ કરી. ઈ.સ. ૧૯૩૮ના ૨૧ ઓગસ્ટે બેઠક કરી એક મહિનામાં હાળીપ્રથા નાબુદ કરવામાં આવશે એવો ઠરાવ પસાર કરાવ્યો.

ઉપરોકત સુધારો થયા પછી પણ કેટલાક વર્ષો પછી હળપતિઓ ફરીથી હાળી બની ગયા. ભારત સ્વતંત્ર થયા પછી પણ હાળીપ્રથા નાબુદીનો કેટલોક સમય લાગ્યો. ૧૧ જુન, ૧૯૪૮ના રોજ મોરારજીભાઈ દેસાઈ અને ગુલઝારીલાલ નંદાના પ્રયત્નોથી ગુજરાતના હળપતિઓ ખેડૂતો અને હાળીઓએ હાળીપ્રથાના નાબુદી માટે વિધિવત કરારો કર્યા. ૧૭ જુન, ૧૯૪૮થી કરાર અમલમાં આવ્યો.

૫.૪ દક્ષિણ ગુજરાતમાં ધાર્મિક આંદોલનો : (મોક્ષમાર્ગી, સતકૈવલ તથા સતીપતિ આંદોલન)

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં મોક્ષમાર્ગી ચળવળ પછી સતકૈવલ તરીકે જાણીતી થયેલી કાયમપંથી ચળવળ ચાલી હતી. ખેડા જિલ્લાના કુબેરસ્વામીએ સતકૈવલ સંપ્રદાયની સ્થાપના કરી. સુરત જિલ્લામાં ઉમરા ગામમાં પણ એક મંદિર બંધાવ્યું. મૂળ સારસા ગામમાં ખેડા જિલ્લામાં આવેલ એ મંદિર મુખ્ય મંદિર હતું. તેમના સંપ્રદાયમાં તપસ્વી રઘુરામ મહારાજ હતા. આદિવાસીઓના વિસ્તારમાં ફરીને સમાજ સુધારણાની પ્રવૃત્તિ ચાલુ કરી. સતકૈવલના અનુયાયીઓ માટે સત્યના માર્ગે ચાલવું, સાદગી ભર્યું જીવન જીવવું જરૂરી હતું. મદિરાપાન, માંસાહાર અને તાડીનો સંપૂર્ણપણે ત્યાગ કરવો અનિવાર્ય હતું. રોજ સ્નાન કરવું, કરુણાસાગર ભગવાનની પૂજા પ્રાર્થના કરવી.

સાધુઓએ મંદિરમાં રહેવું ફરજિયાત હતું. તેમનો પંથ કાયમ પંથ તરીકે જાણીતો થયો હતો.

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓએ કેટલીક સામાજિક ધાર્મિક ચળવળો ચલાવી હતી. મોક્ષમાર્ગી અથવા વલ્લભસ્વામી સંપ્રદાય તેમાંની જ એક ચળવળ હતી. વીસમી સદીના આરંભમાં અમદાવાદ ના વલ્લભરામ સૂર્યરામ વ્યાસે આ સંપ્રદાયની સ્થાપના કરી હતી. વલ્લભે ૐના મંત્રોચ્ચારનું મહત્ત્વ સમજાવ્યું હતું. વલ્લભ સંપ્રદાયનું મોટું મંદિર અમદાવાદમાં મણીનગર ખાતે છે.

આમ, દક્ષિણ ગુજરાતમાં સામાજિક, ધાર્મિક પરિસ્થિતિમાં જીવન ઊંચું લાવવામાં જાગૃતિ ફેલાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

❖ સતીપતિ ચળવળ :

ઈ.સ. ૧૯૩૮માં દક્ષિણ ગુજરાતમાં સતકૈવલ મોક્ષમાર્ગી ધર્મ પછી સતીપતિ ચળવળ ચાલી હતી. આરતી સમાજ આપકી જય તરીકે પણ જાણીતી થયેલી આ ચળવળનું નેતૃત્વ ગુલિયા મહારાજ રામદાસ અને ત્યાર પછી કેસરીસિંહે કર્યું હતું. ધાર્મિક આંદોલન તરીકે શરૂ થયેલી સતીપતિ ચળવળે પાછળથી અર્ધરાજકીય ચળવળનું સ્વરૂપ ધારણ કર્યું હતું.

મહારાષ્ટ્રના ધૂળિયા જિલ્લાના ગુલિયા મહારાજ નામના ભીલ ગુરુએ સતીપતિ ચળવળનો આરંભ કર્યો હતો. તેઓ ગામે ગામ ફરતા અને આદિવાસીઓને મદિરા, માંસ અને તાડીનો ત્યાગ કરવા સમજાવતા. ધાર્મિક ઉપદેશ દ્વારા આદિવાસી સમાજમાં સુધારણા લાવવા માંગતા હતા. દક્ષિણ ગુજરાતમાં તેમના નાનાભાઈ રામદાસે વ્યારા સોનગઢમાં અવારનવાર મુલાકાત લઈને વ્યારાના કટાસવાણ ગામના કેસરીસિંહ જે આદિવાસીઓમાં પ્રથમ મેટ્રિક પરીક્ષા પાસ કરનાર પ્રથમ આદિવાસી હતા.

૫.૫ વારલી આંદોલન :

ચાલીસના દાયકા દરમિયાન સમાજવાદી વિચારધારા અને કિસાન સભાની પ્રવૃત્તિઓ ભારતના અંતરિયાળ વિસ્તારો સુધી વિસ્તરી ચુકી હતી. ગ્રામીણ વિસ્તારમાં વસતા શોષિત કિસાન આદિવાસીઓ પણ આ વિચારધારાના પ્રભાવ નીચે આવ્યા હતા. કિસાનોના જે સમુહ સ્થાનિક શોષકવર્ગોના અમાનવીય શોષણ અને અત્યાચારોથી પીડિત હતા. કોંગ્રેસ તથા ગાંધીવાદીઓની વર્ગ સંવાદની નીતિ તેમના હિતોની સુરક્ષા કરવામાં તેમને સંતોષકારક લાગી નહિ. ત્યાં તેઓ ઉદ્દામવાદી નીતિ તરફ આકર્ષાયા. મુંબઈ પ્રાંતના થાણે જિલ્લાના પાલઘર ઉમરગાંવ અને દહાણુ તાલુકાના જંગલમાં વસતા વારલી જાતિના આદિવાસીઓ પણ શાહુકારો તથા જંગલ કોન્ટ્રાકટરો દ્વારા શોષણ અને અન્યાયથી ભારે અસંતુષ્ટ હતા. કિસાન સભાના કાર્યકરોએ આ આદિવાસી કિસાનોને જાગૃત અને સંગઠિત કરી પોતાના અધિકારો માટે આંદોલન માટે તૈયાર કર્યા હતા. ઈ.સ. ૧૯૪૫–૪૬ના વર્ષ દરમિયાન સમાજવાદી કાર્યકરો દ્વારા પ્રેરિત શાહુકારો અને જમીનદારો વિરોધી આંદોલન આ વિસ્તારમાં ઉગ્ર બન્યું હતું. આદિવાસી કિસાનોમાં સમાજવાદી ઢબના આંદોલનનું સ્વરૂપ સમજવા માટે એક પ્રતિક અભ્યાસ તરીકે આ પ્રકરણમાં આપણે આદિવાસી કિસાનોના આ આંદોલનોનો વિગતે ચર્ચા કરીશું.

આદિવાસીઓ નિરક્ષર તેમને હિસાબ કિતાબ ન સમજાય લેવડદેવડનો બધો જ હિસાબ જમીનદાર રાખે. તે કહે તે સાચી ખોટી જમા ઉધાર કિસાન ખાતામાં પડે આ ઉધારની રકમ પાછી ન વાળે તો જમીનદાર ફાવે તે સજા કરતો. જમીનદારો તેમનું નિરંતર શોષણ કરતા હતા.

ઈ.સ. ૧૯૪૫માં મે મહિનામાં ઉમરગામ તાલુકામાં ઝારી મુકામે કિસાન સભાના નેજા હેઠળ વારલી આદિવાસીઓનું એક સંમેલન ભરવામાં આવ્યું. શ્રી દળવી અને ગોદાવરી પરુલેકર નામના બે સામ્યવાદી કાર્યકરોએ સંમેલનના એક મહિના પૂર્વે

આ વિસ્તારમાં પ્રવાસ કરી કિસાનોના ગાઢ સંપર્ક કરી તેમને સંમેલનમાં હાજર હેવા પ્રોત્સાહિત કર્યા. મહારાષ્ટ્રના દરેક જિલ્લામાંથી ૭૦૦૦ આદિવાસીઓ પરિષદમાં આવ્યા આનો આદિવાસીઓ પર જોરદાર પ્રભાવ પડયો. જાહેર મંચ પર પોતાના પ્રશ્નો વાતો કરવાની તક ઝડપી લીધી. આ પરિષદમાં આ ચાર સૂત્ર તૈયાર કરવામાં આવ્યાં.

વેઠપ્રથા નાબુદ કરવામાં આવી. વારલીઓને સફળતા મળી એટલે તેમનો આત્મવિશ્વાસ વધ્યો, તેઓ નીડર બની ગયા. આમ, વારલી આદિવાસીઓ જેઓ જમીનદારો અને શાહુકારોના ખેતરો પર ભાગિયા કે ખેતમજુર તરીકે કામગીરી બજાવતા હતા તેઓએ કિસાન સભાના કાર્યકરોના માર્ગદર્શન હેઠળ શોષણ સામે સફળતાપૂર્વક લડત ચલાવી એટલું જ નહિ ઘર ચાકર જંગલ કામદાર તરીકે થતા શોષણને સફળ પડકાર આપ્યો.

વારલીઓમાં આવેલું સૌથી મોટું પરિવર્તન એટલે તેમનામાં જાગેલી અસ્મિતા અને સંગઠનના પ્રતાપે તેમના આત્મ વિશ્વાસની જે ભાવના નિર્માણ થઈ છે તેના પ્રતિસાદ તેના રોજબરોજના વ્યવહારમાં જણાય આવે છે. તેમનામાં જડ અને ઘાલેલી કાયરતા અને લઘુતાગ્રંથિ નાબુદ થયા છે. ઊંચે આવવાની મહત્વાકાંક્ષા વધી છે. હું પણ કંઈક કરી શકુ તેમ છું. મને માનવ તરીકે જીવવાનો હક્ક છે. તેઓ આત્મવિશ્વાસ પેદા થયો છે.

<u>પ્રકરણ–૬</u>

આદિવાસીઓના સંદર્ભમાં ગાંધીવાદી રચનાત્મક કાર્યો

ગાંધીજીની સર્વાંગી રચનાત્મક પ્રવૃતિઓ દ્વારા તેમનું જીવન પ્રયોગભૂમિ બન્યું. દક્ષિણ ગુજરાતની આવી ૩૧ રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલતી જેમાં પ્રત્યેક સંસ્થાની ગૃહનિર્માણ, વ્યસન મુક્તિ, ખાદી પ્રવૃત્તિ, આરોગ્ય સુધારણા, ઋણ મુક્તિ, હાળી

પ્રથાની નાબુદી, ગ્રામ્ય સફાઈ, ગણોતિયા અધિકાર પ્રદાન પ્રવૃત્તિ વગેરે તથા આઝાદી પછીની પ્રવૃત્તિઓમાં પંચાયતી રાજ, પ્રશિક્ષણ, જંગલ સહકારી મંડળીઓ તેમજ વિવિધ સહકારી સંઘોની સ્થાપના, શિક્ષક તાલીમવર્ગ, સ્ત્રી ઉન્નતિ, આદિવાસી ઉત્કર્ષ, સામાજિક સમાનતા, અસ્પૃશ્યતા નિવારણ, હરિજન કલ્યાણ, આદિવાસી કલ્યાણ એવી ક્રાંતિના ગાંધી ચિંધ્યા સાધનો વડે મજબુત પાયા નાખ્યા જેને કિશોરભાઈ મશરુવાળાએ સમુળી ક્રાંતિ કહી છે.

ગાંધીજીને શ્રીપોલોકે મુસાફરી દરમિયાન વાંચવા માટે રસ્કિનનું 'અન ટુ ધી લાસ્ટ' પુસ્તક એમના હાથમાં મૂક્યું. એ પુસ્તક વાંચીને ગાંધીજીની જિંદગીમાં તત્કાલ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો, એમાંથી તેમણે સર્વોદયના ત્રણ મહત્ત્વના સિદ્ધાંતો તારવ્યા.

(૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

(૨) વકીલ તેમજ વાળંદ બંનેના કામની કિંમત એક સરખી થવી જોઈએ કેમકે આજીવિકાનો હક્ક બધાને એક સરખો છે.

(૩) સાદુ મજુરીનું ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

❖ **રચનાત્મક પ્રવૃત્તિથી આદિવાસીઓમાં આવેલી જાગૃતિ :**

સ્વરાજ આશ્રમોની સ્થાપના પછી વરાડ અને સરભોણ વગેરેમાં ખાદી કેન્દ્રોની સ્થાપના થઈ ચૂકી હતી. ખાદી કેન્દ્રોમાંથી રેંટિયો અને કાંતવા વણવાનો સામાન વેચાણથી મળતો. લોકોએ તૈયાર કરેલું સૂતર તથા કાપડ કેન્દ્રો સ્વીકારતણા અને તેના બદલામાં યોગ્ય વળતર આપતા. સ્વરાજ આશ્રમ બારડોલીમાં સ્થાપના વખતે ૨૬ ગામોમાં ૩૨૫ રેંટિયા ચલાવવાનો ઠરાવ અમલમાં આવેલો.

દક્ષિણ ગુજરાત આદિવાસી બહુમુલક વિસ્તાર છે. ગાંધીવાદી સંસ્થાઓની સ્થાપના પૂર્વે અહીંની આદિવાસી પ્રજા પ્રાથમિક દશામાં જીવતી હતી. કાળીપરજ પોલીસ અધિકારીથી ડરતી હતી. તેમનું શોષણ પણ થતું હતું. અનેક વ્યસનોમાં ગળાડૂબ હતી. અંધશ્રદ્ધામાં માનતી હતી. શિક્ષણનું પ્રમાણ નહિવત હતું. આવી પરિસ્થિતિમાં ગાંધીવાદી સંસ્થાઓ આદિવાસી જાતિની સિકલ જ બદલી નાખવામાં નિમિત્ત બની તે ચૌધરી જાતિ હોય કે ગામીત જાતિ હોય કે ધોડિયા જાતિ હોય એ ત્રણે વચ્ચે રહેવા છતાં અર્થ શિક્ષણ અને સામાજિક પ્રતિષ્ઠાની દૃષ્ટિએ જેને હજી ઘણી મજલ કાપવાની હતી.

<u>પ્રકરણ–૭</u>

દક્ષિણ ગુજરાતના આદિવાસી સ્વાતંત્ર્ય સૈનિકો

દક્ષિણ ગુજરાતમાં એવું કહેવાય છે કે, વેડછી આશ્રમ આઝાદીના સમયે સ્વતંત્ર સૈનિકો તૈયાર કરવાની પ્રયોગશાળા તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. ગુજરાતમાં એક માત્ર આ આદિવાસી વિસ્તારના નાનકડા ગામડામાંથી લગભગ ૪૦ થી ૫૦ જેટલા સ્વાતંત્ર્ય સૈનિકો માત્ર વેડછી ગામના હતા. રચનાત્મક કામોની સાથે આઝાદીની લડત કઈ રીતે આગળ વધારવી તેની વ્યુહ રચના ઘડાતી અને એમાં ૯૦ ટકા વિદ્યાર્થીઓ સ્વાતંત્ર્ય સૈનિકો આજુબાજુ વિસ્તારના છે. આદિવાસી શિક્ષકો હતા અને ભરેણા તથા પૈસાપાત્ર આદિવાસી ખેડૂતો પણ જોડાયેલા. તેઓ સ્વયં પોતાના સમાજનો તો સુધારો કર્યો જ સાથે સાથે બારડોલી સત્યાગ્રહ, દાંડી કૂચ, હિન્દ છોડો આંદોલન, હળપતિ ચળવળ, ગણોતધારામાં સુધારા વગેરે મહત્ત્વના મુદ્દાઓ અને લડતોમાં તેમનો ખુબ જ મહત્ત્વનો ફાળો હતો.

પ્રકરણ–૮

ઉપસંહાર તથા અભ્યાસનાં તારણો

છેલ્લા ત્રણસો વર્ષોમાં તેમણે અનેક આંદોલનો કર્યા છે. ભારત દેશની સ્વતંત્રતા પહેલાં સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન સ્વતંત્રતા પછી આદિવાસીઓએ સંખ્યાબંધ આંદોલનો કર્યા છે. આદિવાસીઓએ આ આંદોલનો કોઈ એક હેતુ કે કોઈ એક કારણસર કર્યા નથી. આદિવાસીઓની સ્વતંત્રતા પર જોખમ તોળાયુ ત્યારે તેમના અધિકારો પર તરાપ મારવામાં આવી ત્યારે, તેમના પર અત્યાચાર શોષણ થયું ત્યારે અને તેમની સાથે વિશ્વાસઘાત થયો ત્યારે તેઓ સહન ન કરી શક્યા અને બંડ અથવા બળવા કર્યા.

આદિવાસીઓ પરંપરાગત સ્વતંત્ર જીવન જીવતા હતા. પરંતુ મોગલો અને બ્રિટીશરોના શાસન દરમિયાન તેમની સ્વતંત્રતા પર જોખમ તોળાયુ અને આદિવાસીઓ પર રાજનૈતિક પ્રભુત્વ જમાવી દીધુ. આ રીતે આદિવાસી જીવનમાં હસ્તક્ષેપ થયો. ઘુસણખોરોએ આદિવાસીઓના ભોળપણ અને અજ્ઞાનતા અને નિરક્ષરતાનો લાભ ઉઠાવીને તેમનું શોષણ કર્યું. તેમના પર અત્યાચાર અને અન્યાય કર્યા. તેમના વન અધિકાર છીનવી લીધા અને જમીન પડાવી લીધી. દેવાદાર અને વેઠિયા બનાવી દીધા. આદિવાસીઓ પોતાની જ જમીન પર માલિ મટીને મજુર થઈ ગયા. અન્યાયના પ્રત્યુત્તરરૂપે આદિવાસી પ્રજાએ આંદોલન કર્યા, વિદ્રોહ કર્યા, બળવા કર્યા.

બ્રિટીશ શાસનકાળ દરમિયાન આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રમાં અસમાનતા ઊભી થઈ હતી. ધીમે ધીમે એવી પરિસ્થિતિ ઊભી થઈ કે આદિવાસીઓ જમીનના માલિક હોવા છતાં ભૂમિ વિહોણા થઈ ગયા. તેઓ પોતાની જ જમીનના ગણોતિયા થઈ ગયા. બ્રિટીશ શાસકોએ આદિવાસીઓના પરંપરાગત અધિકારોની ઉપેક્ષા કરી એથી આદિવાસીઓએ શોષણખોર સામ્રાજયનો સશસ્ત્ર પ્રતિકાર કર્યો.

બ્રિટીશ સરકારે તમામ પ્રકારના કાયદા કાનુન લાગુ કરી દીધા અને જમીન મહેસુલ વસુલી થવા લાગી. સમયસર મહેસુલ ન ચૂકવી શકનારની જમીન જપ્ત થવા લાગી પરિણામે અંગ્રેજ શાસન દરમિયાન આદિવાસીઓનો અસંતોષ વધવા લાગ્યો. બહારના લોકોના સંપર્કના કારણે આદિવાસીઓમાં કેટલીક સમસ્યાઓ ઉદ્‌ભવી. આદિવાસી વિસ્તારોમાં ઘુસણખોરી થઈ તેમની આર્થિક અને સામાજિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ. પરિણામે આદિવાસીઓનો અસંતોષ વધવા લાગ્યો અને આ અસંતોષ આંદોલનો ભણી દોરી ગયો.

ભારતીય પ્રદેશોના સામાજિક આર્થિક સંશોધનોનો પૂરેપૂરો ઉપભોગ અને અંગ્રેજ સામ્રાજયની સમૃદ્ધિએ બ્રિટીશ ભારતના વસાહતી શાસકોનું અંતિમ લક્ષ્ય હતું. આ હેતુ પાર પાડવા તેમણે ભારત મોટાભાગના વિસ્તારો પર આધિપત્ય જમાવ્યું. વસાહતી નીતિને પગલે આદિવાસીઓની જમીન અને જંગલો પર અતિક્રમણ થવા લાગ્યુ. અંગ્રેજો અને ભારતીય જમીનદારો, વેપારીઓ, મહાજનો, ઠેકેદારો દ્વારા આદિવાસીઓનું શોષણ એ રોજબરોજની ઘટના બની ગઈ. આદિવાસીઓના હાથમાંથી ક્રમિક રીતે જમીન માલિકો સરી ગઈ. અંગ્રેજોએ એક પછી એક ભૂમિ સંબંધી કાયદા ઘડયા. પરિણામે આદિવાસીઓના પારંપરિક ભૂમિ અધિકાર છીનવાયા.

આમ, બ્રિટીશ સામ્રાજય સમૃદ્ધિ બન્યુ પરંતુ બ્રિટીશ ભારતના આદિવાસીઓ ગરીબીની ખાઈમાં ધકેલાયા. અન્યાય, અત્યાચાર અને શોષણનો ભોગ બન્યા. આ પરિસ્થિતિથી ઘેરાયેલા આદિવાસીઓએ સ્વભાવિક જ આંદોલનનો આશરો લીધો હતો.

આમ હવે પછી પણ વર્તમાન સરકાર આદિવાસીઓના જંગલ જમીન જળના પ્રશ્નોનો ન્યાયી રીતે તેના અધિકારો છીનવાઈ છે તો આજે પણ આવા બળવા અને આંદોલનો રોજબરોજના જીવનમાં સરકાર સામે ઉગ્ર રોષ ધીમે ધીમે વધતો જાય છે એટલે આનો અંત લાવવા માટે દરેકને રોજી રોટી સમાન હક્ક અને અસંતોષ દૂર

કરવામાં સરકાર નિષ્ફળ જશે તો જરૂર આવનાર દિવસોમાં પણ આવા બળવાઓ થવાની સંભાવનાઓ નકારી ન શકાય.

અંતમાં આદિવાસી સમુહોના સંદર્ભમાં શું કરી શકાય તે માટે કેટલાંક દિશા નિર્દેશો સૂચવ્યા છે.

(૧) ઉપરોકત મહાનિબંધના તારણ મુજબ આદિવાસીઓની એક અલગ ઓળખ જાળવી રાખવા અને ભૌતિક પર્યાવરણના સંરક્ષણ તેમજ વૃદ્ધિ માટે તથા તેઓની સામાજિક સાંસ્કૃતિક આર્થિક વિકાસની રચનાના અધિકારનું સન્માન કરવું જોઈએ. તેની જાળવણી કરવી જોઈએ.

(૨) આદિવાસી સમુહના રીતરિવાજો, પરંપરાઓની જાળવણી થાય તે માટે ઉચિત કાનુન વ્યવસ્થા બનાવવી જોઈએ.

(૩) આદિવાસીઓની જીવનશૈલી, નૃત્ય, પહેરવેશ, કલા, ઘર તેમજ વિવિધ માન્યતાઓના સંદર્ભમાં હીન ભાવનાઓ પેદા કરવામાં આવે છે. તેમના ઇતિહાસને અપમાનિત કરવામાં આવે છે. તેમની બોલી, ધર્મ અને સંસ્કૃતિ ઉપર લાંછન લગાડવામાં આવે છે. તેમાં કેટલાક માટે તો અપમાનજનક શબ્દ વાપરવામાં આવે છે. એ ન થાય તે માટે ઉચિત પગલાંઓ ભરવા જોઈએ.

(૪) આદિવાસીઓને મુખ્ય ધારામાં સાંકળવાની વાત કરીને તેમનું અસ્તિત્વ મિટાવવાનો પ્રયત્નો ઘણી વખત રાજય દ્વારા પણ થાય છે અને થતા રહે છે. એ દિશામાં રાજયે ગંભીરતાપૂર્વક વિચાર કરી આવા પ્રયત્નો ન થાય તે જોવું જોઈએ.

(૫) આદિવાસીઓના આત્મનિર્ણય અને આત્મસન્માન ઉપર હંમેશાં ઠેસ પહોંચી છે તે ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

(૬) જંગલો નાશ થયાં તેના માટે વન વિભાગ અને જંગલ કાનુન સંરક્ષણ જવાબદાર છે, પંરતુ તે માટે આદિવાસીઓને જવાબદાર ગણવામાં આવે છે. બીજી તરફ આ કાનુન દ્વારા જંગલ આધારિત ઉદ્યોગોને કાચી સામગ્રી પૂરી પાડવામાં આવે છે. આદિવાસીઓને જંગલોનો ઉપયોગ કરવા પર નિયંત્રણ મૂકવામાં આવે છે, જેમ કે જયાં આગળ રિઝર્વ ફોરેસ્ટ ઊભા કરવામાં આવ્યાં છે, ત્યાં આદિવાસીઓ પ્રવેશી શકતા નથી તેવી જ રીતે અભ્યારણો અને રાષ્ટ્રીય ઉદ્યાનો વિકસાવીને આદિવાસીઓને જંગલમાંથી હાંકી કાઢવામાં આવે છે. જે અમાનવીય પ્રવૃત્તિ છે. આ દિશામાં તેમના માટે કેટલાક અધિકારો ઘડવા જોઈએ.

(૭) આદિવાસીઓની જમીન પણ રાજસત્તા દ્વારા ખૂબ જ સરળતાથી આંચકી લેવામાં આવે છે. જેમાં મોટા બંધો અને અનેક પ્રકારની યોજનાઓનો સમાવેશ થાય છે. આ બાબતોથી તેમને કોઈ લાભ થતો નથી. ઉલટાનું તેમનું જીવન છિન્ન ભિન્ન થઈ જાય છે. એ સ્થિતિ પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

(૮) આદિવાસીઓ પર થયેલા વિવિધ અભ્યાસો પરથી એ જાણવા મળે છે કે, ૭૫ ટકા જેટલા લોકોને હજુ સુધી કલ્યાણ યોજનાઓથી કોઈ લાભ થઈ શક્યો નથી. જો આ જ હોય તો તેમના મૂળભુત અધિકારો જળ, જમીન, જંગલથી વંચિત ન કરવામાં આવે તો તેમના માટે આવી કોઈ યોજનાઓની જરૂરિયાત રહેતી નથી.

(૯) આદિવાસીઓના જીવનની એ નીતિ રહી છે કે, જીવો અને જીવવા દો. કારણ કે પ્રકૃતિ સાથે જીવન જીવતા તેઓએ પ્રકૃતિ કે જીવોનો માત્ર પોતાના ફાયદા માટે ક્યારેક ઉપયોગ કર્યો નથી. એ બાબત તેમની પાસેથી શીખવી જોઈએ.

(૧૦) વર્તમાન સમયમાં શહેરમાં જુદી જુદી વ્યક્તિઓની પ્રતિમાઓ મૂકવામાં આવે છે. જુદા જુદા માર્ગોને જુદા જુદા નામોથી ઓળખવામાં આવે છે ત્યારે આદિવાસી શહેરી વિસ્તારોમાં માર્ગોને પ્રકૃતિના નામો આપવામાં આવે અને ચોરાઓ પર આદિવાસી કલાના નમૂનાઓ મૂકવામાં આવે. આદિવાસી કલાના નમૂનાઓ મૂકવામાં આવે. આદિવાસી વસ્ત્રપરિધાનથી સજ્જ મૂર્તિઓ મૂકવામાં આવે જેથી કરીને આ વિસ્તારમાં વસતા લોકો પોતે પોતાની જાતથી પરિચિત થાય અને તેમનામાં સ્વાભિમાન જાગે.

સુરત,
તા. –૫–૨૦૧૨

પ્રા. ચંદુભાઈ સી. ચૌધરી
અધ્યેતા

પ્રા. ડૉ. અરુણભાઈ વાઘેલા
માર્ગદર્શક